“ જય શ્રી કૃષ્ણ “

“ જય શ્રી કૃષ્ણ “ ભારતીય જન માનસનું અમૂલ્ય જીવન સૂત્ર છે. અતિ અસાધારણ અને અતિ અસામાન્ય આધ્યાત્મિક અલૌકિક અને અદભુત ઉર્જોત્સ સ્પર્શીય સાંસ્કૃતિક અને સંસ્કારિક વિશુદ્ધ, પવિત્ર, વિશ્વાસપૂર્વકનું સર્વોચ્ચ સમ્માનિય ગૌરવવંતુ ઉદબોધન છે. જેમ રાષ્ટ્રનાં ઉત્તમ નાગરિકને સમ્માનિત થતું આન બાન અને શાનનું ગર્વિષ્ઠ પદ

“ભારત રત્ન” “ **““રાષ્ટ્રીય નાગરિક - ભારતીય પ્રજાસત્તાકનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર”**

આજ ગૌરવ **“ જય શ્રી કૃષ્ણ “** સ્મરણથી, દ્રષ્ટિપાતથી, કહેવાથી, ઝીલવાથી, બોલવાથી, લખવાથી અને વિચારવાથી અવશ્ય અનુભવાય છે. **“શ્રીમદ્દ ભાગવત”, “શ્રીમદ્દ ભગવદ ગીતા”** ભારતીય સાક્ષરતા અને સંસ્કૃતિની ધરોહર છે. ભારતનાં એક એક નાગરિક આ સંસ્કાર મૂલત્વથીજ પામે છે અને તે જીવન પર્યાંત નિભાવે છે. દ્રષ્ટિ, કાયા, મન, વચન, ધન અને સમર્પણથી તે નિભાવે છે.

ભારતીય દર્શનનાં સર્વે ભૂત, ભવિષ્ય, વર્તમાન અને રજે રજ, કણે કણ, બુંદે બુંદ, તરંગે તરંગ, રંગે રંગ, લહરે લહર, સ્પંદને સ્પંદન, કિરણે કિરણ, વર્ણે વર્ણ, ક્રિયાએ ક્રિયા, કર્મે કર્મ, દ્રષ્ટિએ દ્રષ્ટિ, વૃતિએ વૃત્તિ, કૃતિએ કૃતિ, શ્વાસે શ્વાસ, અંશે અંશ અને પુષ્ટિએ પુષ્ટિ – **“ જય શ્રી કૃષ્ણ “**

બ્રહ્માંડનું સત્ય, સાતત્ય, આગ્નેય, પૂર્ણતા, પરિવર્તનતા, પારાયણતા, એકાત્મતા, વૈવિધ્યતા, વિશિષ્ઠતા, પરાકાષ્ઠાનો પાર્દુભાવ **“ જય શ્રી કૃષ્ણ “** થી જ સ્ફૂર્યો. સંવાદ, સંવેદના, કૃતજ્ઞતા, સાર્વભૌમત્વતા, કરુણા અને પ્રેમનું પ્રતિક **“ જય શ્રી કૃષ્ણ “** છે. **“ જય શ્રી કૃષ્ણ “** માં સમાયો અર્થ, ભાવાર્થ, સત્યાર્થ, સમર્થ, યથાર્થ, વૃતાર્થ, કૃતાર્થ, પુરુષાર્થ અને શરણાર્થ.

વ્યાકરણ, પ્રમેય, ગણિત, સિદ્ધાંત, બળ, ગુણધર્મ, પ્રમાણ, ફળ, સાત્વિક, રાજસ, તામસ, આકાર, સાકાર, નિરાકાર, સિદ્ધિ, વૃદ્ધિ, જન્મ, મૃત્યુ પરિણામ લીલા **“ જય શ્રી કૃષ્ણ “** થી જ ઉત્સ પામે છે, વિસ્તરે છે, પરિવર્તે છે, સ્થિરે છે.

જીવ જીવનની સર્વે કક્ષા નક્કી કરે છે **“ જય શ્રી કૃષ્ણ “**, કારણકે તે સર્વજ્ઞ છે, સંપૂર્ણ છે, સર્વત્ર છે. **“ જય શ્રી કૃષ્ણ “** સાર્થક છે, પૂરક છે, સંવર્ધક છે, સંવર્ધન છે, ઉત્થાન છે. **“ જય શ્રી કૃષ્ણ “** સંબંધ છે, બંધન છે, નીતિ છે, મતિ છે, ગતિ છે, રીતિ છે, વિધિ છે, નિધિ છે અને ગુણાતીત છે.

પ્રથમ **“ જય શ્રી કૃષ્ણ “** માતપિતાએ કહ્યું , સુણ્યું અને સ્વીકાર્યું. જેમ જેમ સમય વહ્યો તેમ તેમ **“ જય શ્રી કૃષ્ણ “** જાણ્યો. સ્વ જોડે જોડયું અને સ્વમાં ઉતાર્યું, અપનાવ્યું અને વિસ્તાર્યું.

“ જય શ્રી કૃષ્ણ “ ની ઉસ્મા, ઉર્જા, તેજ સર્વથા મધુર જ ઉજાળે, પ્રેમ વિહવળે, તાપ તપાવે, પરમાત્માને તળવળાએ, થરથરાએ, તડપાવે, તરસાવે અને દૌડાવે. આખરે મિલાવે.

Vibrant Pushti

આત્મીય અને પ્રાથમિકતાથી પ્રથમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

જીવ, પ્રાણ, આત્મા અને પરમાત્માથી દ્વિતીય વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

તનમાત્રાઓ અને તનમનસ્કાથી તૃતીય વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

દેહ, સૂક્ષ્મ અને કારણ દેહથી - ચતુર્થ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

આધ્યાત્મિક અને સંસ્કારતાથી - પંચમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

વર્ણ, પ્રકર્ણ અને સકર્ણથી વંદન - ષષ્ઠ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

ધર્મ, ધારણા, ધર્મયજ્ઞ, અને ધર્મપ્રયોગોથી - સપ્તમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

તારાં, ગ્રહો, નક્ષત્રો, દિશા, નિહારિકા, આકાશગંગાથી - અષ્ટમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળથી – નવમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

જીવિત, પૂર્વજો, પ્રેત અને પિતૃઓથી – દશમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

સૃષ્ટિ, પ્રકૃતિ અને વૃષ્ટિથી – એકથદશમ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

શિક્ષા, વિદ્યા, કર્મકાંડ, અને યજ્ઞથી – દ્વાદશ વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

સંસાર, જીવન, વ્યવહાર, અને વ્યવસ્થાથી – તૃતીયદશીય વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

ઋણાત્મક બંધનોથી – ચતુર્થદશીય વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

મોક્ષ, મુક્તિ અને ગૌલોકધામથી – પંચદશીય વંદન – **“ જય શ્રી કૃષ્ણ “**

“જય જગન્નાથ – જય શ્રી કૃષ્ણ”

Vibrant Pushti

પુષ્ટિ સ્પંદન વૈષ્ણવ-૧ (એંજીન્યરિંગ વ્યવસાય)

મુંબઈ જેવા ધનાઢ્ય શહેરમાં એક પરાની એક ચાલીમાં પાંચ સભ્યોનું એક કુટુંબ રહે. માતપિતા, પુત્ર-પુત્રવધૂ અને એક દીકરી. માતાનું નામ શાંતાબા અને પિતાનું નામ કાંતિભાઈ, પુત્રનું નામ કિરણ અને પુત્રવધૂનું નામ દીપાલી, સહુની લાડકી દીકરીનું નામ કૃષ્ણા. માતા શાંતાબા અને પિતા કાંતિભાઈએ આશરે પચાશ વર્ષ પહેલાં કાંદીવલીની પુષ્ટિમાર્ગ હવેલીમાં બિરાજતા શ્રીગોવર્ધનનાથપ્રભુ સમક્ષ બ્રહ્મસંબંધ કરેલા અને નિયમિત સ્વગૃહે ચિત્રજી સ્વરુપ બિરાજતા સ્વ પ્રિયતમ શ્રીઠાકોરજી શ્રીગોવર્ધન ધરને ગૃહસેવામાં લાડ લડાવતા, સેવા પહોંચાડતા. બેટા કિરણને બાળપણથી જ આ જ નિધિ અને નીતિ પુષ્ટિ સંસ્કાર આપી સદા ગૃહસેવા સેવા, કીર્તન, સત્સંગમાં પ્રસંગોપાત પુષ્ટિ સિંચન કરતાં.

વ્યવસાયમાં કાંતિભાઈ એક એંજીન્યરિંગ કંપનીમાં પ્રોડક્શન એંજીનિયર તરીકે છેલ્લા ચાલીશ વર્ષથી ફરજ નિભાવે અને તે અર્થોપાર્જનમાં કુટુંબ નિર્વાહ કરે, બેટો કિરણ ઓટોમેશન એંજીનિયરમાં સ્નાતક અને તે પણ એક મેડિકલ ઈક્વિપમેંટ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં ડિઝાઇન એંજીનિયર તરીકે પાંચ વર્ષથી ફરજ નિભાવે અને તે અર્થોપાર્જનમાં કુટુંબ સાથે જોડાયેલો રહે. પુત્રવધૂ દીપાલી ફાર્માસીમાં સ્નાતક કરી એક ફાર્માસ્યૂટિકલ કંપનીમાં ક્વાલિટી એશ્યોરેંસની ફરજ નિભાવે અને તે અર્થોપાર્જનમાં કુટુંબ સાથે જોડાયેલો રહે. સૌની લાડકવાયી દીકરી કૃષ્ણા જે ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સીનિયર કેજી સ્ટાન્ડર્ડમાં ભણાવે, રમાડે, નચાવે, ફૂદાવે અને લાડ લડાવે. સૌ વારંવાર આવતા દરકે ઉત્સવ, મનોરથ કે સત્સંગમાં ગૃહસેવા પહોંચાડતા શ્રીઠાકોરજી જોડે આનંદ કિલ્લોલ કરે.

મંગળમુહર્તમાં ગૃહસેવામાં શાંતાબા મંગળ કરે અને સહુ કોઈ પોતપોતાના સમય સિડ્યુલ પ્રમાણે સંસ્કાર નિયમન સમય સૂચકતા અને મલકતા મુખડાથી નમન કરતાં " જય શ્રી કૃષ્ણ " કરતાં, નિહાળતા અને દંડવત દર્શન કરતાં. સર્વે " જય શ્રી કૃષ્ણ " ઝીલતા, નિહાળતા આનંદ ઉત્સ કરતાં પોતપોતાને કામે સિધાવે. સર્વે જ્યાં જ્યાં પહોચે " જય શ્રી કૃષ્ણ" કરતાં કરતાં નિખાલસતાથી, વિશ્વાસથી, પ્રમાણિક્તાથી અને સત્ય સિદ્ધાંતથી યોગ્યતા પૂર્વક સ્વ જીવન જીવતા. સમયનું અને સંસારનું વહેણ વહેતું વહેતું જાય છે અને સહું પુષ્ટિ સંસ્કૃતિને જીવનની ધારામાં ઉભરાવતા જાય છે. એક દિવસ પપ્પા મમ્મી જોડે કૃષ્ણા પ્રસંગમાં જાય છે, જેવા પ્રસંગમાં પહોંચ્યા, પપ્પા મમ્મી સહુંને વંદન કરતાં હસતાં મુખે " જય શ્રી કૃષ્ણ " કરતાં પ્રસંગ પૂર્ણતા સુધીનો આનંદ લૂટતા હતા, જેવા ઘરે જવા નિકળયા અને કૃષ્ણા બોલી મમ્મા! તમે સર્વેને " જય શ્રી કૃષ્ણ " કહેતા હતા, અને ઘરે પણ સહું આપણે " જય શ્રી કૃષ્ણ " કહીયે છીએ, તો મમ્મી આ " જય શ્રી કૃષ્ણ " કેમ સૌને કહેવું? હસતાં વદને મમ્મીએ કૃષ્ણાને ચુમ્મા લેતા કહ્યું – લે બેટા " જય શ્રી કૃષ્ણ ". ત્રણે ખિલખિલાટ હંસી પડયા. મમ્મી બોલી બેટા! " જય શ્રી કૃષ્ણ "

Vibrant Pushti

એટલા માટે કહીએ છીએ કે અમે આપનામાં એટલે તમારામાં શ્રીકૃષ્ણનાં દર્શન કરીએ છીએ. સદા અમારા ઉપર કૃપા રાખજો. મમ્મા મને પણ શ્રીકૃષ્ણ પ્રભુ દેખાય?

હાં! અવશ્ય

મમ્મી હું ઘરે દાદા દાદી અને તમોને કરું છું તો મને તો દર્શન થતાં નથી!

ખડખડાટ હંસતા મમ્મી બોલી – **<u>બેટા! તું જ કૃષ્ણ છે તો તને દર્શન કેવીરીતે થાય!</u>**

બેટા! તું કોનો દીકરો?

કૃષ્ણા તરત બોલી ઉઠી - મમ્માનો – પપ્પાનો – દાદાનો – બાનો.

મમ્મી – બેટા! તું તો એક છે, તો તું કોઈ એકનો જ દીકરો હોય ને?

કૃષ્ણા – ના મમ્મી! હું તો પપ્પાનો, દાદાનો અને બાનો પણ દીકરો છું.

મમ્મી – કેવીરીતે?

કૃષ્ણા - જો અને, તેને મમ્મીને ચુમ્મી કરી, તરત પપ્પાને ચુમ્મી કરી અને બોલી ઘરે જઈને દાદાને અને બાને ચુમ્મી કરીશ. એટલે બધાનો!

મમ્મી બોલી જેવીરીતે તું સહુની એવીરીતે જ શ્રીકૃષ્ણ પણ સહુનાં! **એટલે જેને શ્રીકૃષ્ણ ચુમ્મી કરે તે સહું શ્રીકૃષ્ણનાં!** અમે સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહીએ એટલે **શ્રીકૃષ્ણ અમને ચુમ્મી કરે છે.** એટલે અમે સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહીએ છીએ કે તમે પણ સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહો તો શ્રીકૃષ્ણ તમને ચુમ્મી કરશે.

કૃષ્ણા – મમ્મા! બા દાદાને પણ શ્રીકૃષ્ણ ચુમ્મી કરે છે?

મમ્મી – હાં બેટા! એમને તો અમને શીખવાડયું, હવે અમે તને શીખવાડીએ છે.

સૌ હંસતા હંસતા ઘરે પહોંચ્યા અને સહું એકબીજાને " **જય શ્રી કૃષ્ણ** " કહી સૂઈ ગયા.

Vibrant Pushti

- દીપાલી

બીજે દિવસે સવારે સહું મંગળ દર્શન કરી રોજની જેમ " **જય શ્રી કૃષ્ણ** " કહી પોતપોતાને કામે નીકળ્યા.

દીપાલી! કેમ છે? આપણાં મેડિસિન રિપોર્ટ્સ અને તેનું એનાલિસિસ તૈયાર છે ને?

હાં! સર. એવરીથિંગ ઇઝ રેડી!

ગુડ! ક્લાયન્ટ આવે છે.

ઓકે સર!

દીપાલી કોમ્પયુટર સ્ટાર્ટ કરીને જુએ છે તો કોમ્પયુટર બ્લેંક દેખાડતું હતું, સ્ક્રીન પર કઈં જ નથી, કેવળ ડાર્કનેસ! દીપાલી મનમાં ચિલ્લાઈ ઉઠી – ઓહ! શ્રીકૃષ્ણ!

એક બે કી દબાવી પણ કોઈ ફરક કે અસર નહીં, તે ગભરાઈ ગઈ, આ શું? તે મનોમન વિચારવા લાગી આમ કેમ? ખૂબ વિચાર્યું પણ કોઈ સંકેત કે ઉત્તર નહીં. તે ખૂબ જ ગભરાઈ ગઈ. હવે શું? ત્યાં જ પટાવાળો આવીને કહ્યું – બહેના! સર આપને કોન્ફરેંસ રૂમમાં બોલાવે છે, ક્લાઈન્ટ આવી ગયા છે.

દીપાલી ફ્રેશ થઈ, શ્રીકૃષ્ણ સ્મરણ કરતી કરતી કોન્ફરેંસ રૂમમાં પહોંચી, નયન, મન, તન અને સ્મરણમાં " શ્રીકૃષ્ણ! શ્રીકૃષ્ણ! જેવી કોન્ફરેંસ રૂમમાં પહોંચી એના મોઢામાંથી અનાઆશયે " **જય શ્રી કૃષ્ણ** " સરી પડયું. સહુંએ " **જય શ્રી કૃષ્ણ** " કહ્યા અને ડાઇરેક્ટર બોલ્યા – આ અમારી રિસર્ચ અને ડેવલપમેંટ હેડ – મિસીસ દીપાલી!

આપણે મેડિસિન રિપોર્ટ્સ અને તેનું એનાલિસિસ જોઈ લઈએ પછી પ્રોજેકટ પર ચર્ચા કરીએ. દીપાલી!

દીપાલી – હાં સર! અને દીપાલીએ " **જય શ્રી કૃષ્ણ** " સ્મરણ કરતાં કોમ્પયુટર સ્ટાર્ટ કર્યું અને તે ખૂલી ગયું. સર્વે મેડિસિન રિપોર્ટ્સ અને તેનું એનાલિસિસ જોઈ ક્લાઈન્ટ અને ડાઇરેક્ટર પ્રભાવિત થઈ ગયા. એટલી યોગ્યતા પૂર્વક સર્વે માહિતી સૈદ્ધાંતિક અને પ્રમાણિત તૈયાર કરેલી હતી. જ્યાં જ્યાં ફોર્મૂલા કે ગ્રાફિક્સ ટેબલો જોઈ ક્લાઈન્ટ સાથે આવેલા વૈજ્ઞાનિક અતિ ઉત્સાહિત થઈ ગયા, સહુને પ્રોજેક્ટની સફળતા ઉપર વિશ્વાસ આવી ગયો. ડાઇરેક્ટર બોલ્યા – દીપાલી!

દીપાલીનાં મુખમાંથી અનાયાસે નીકળી ગયું – " **જય શ્રી કૃષ્ણ** "

Vibrant Pushti

ડાઇરેક્ટર બોલ્યા – " **જય શ્રી કૃષ્ણ** " દીપાલી – અભિનંદન! દીપાલી હંસતા મુખે બે હાથ જોડી પોતાની રિસ્પોન્સિબિલિટી પૂરી કરી તેની રૂમમાં પહોંચી અને ધ્રુશ્કે ધ્રુશ્કે રડી પડી – બે હાથ જોડી પ્રાર્થના કરવા લાગી – **હે કૃષ્ણ! સાચે જ તું મારો રખવાળો છે.**

" જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ ' " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " સ્મરણ કરી ફ્રેશ થઈ.

તરત તેનાં પ્રોજેકટ બોર્ડ ઉપર લખ્યું – " જે નીતિ, નિયમ, શિસ્ત, વિશ્વાસ અને પ્રમાણિકતાથી કાર્ય કરે છે તેને શ્રીકૃષ્ણ હંમેશા તેનો રખવાળો બને છે. " જય શ્રી કૃષ્ણ "

- શાંતાબા

મેરો મન ગોવિંદસો માન્યો તાતે ઔર ન જિય ભાવે
જાગત સોવત યહ ઉત્કંઠા કોઈ વ્રજનાથ મિલાવે ।।
બાકી પ્રીત આન ઉર અંતર, ચરનકમલ ચિત્ત દીનો
કૃષ્ણવિરહ ગોકુલકી ગોપી ઘરહીમેં વન કીનો ।।
છાંડ આહાર વિહાર સુખ દેહ ઔર ન ચાહત કાઉ
"પરમાનંદ" બસત હે ઘરમેં જૈસે રાહત બટાઉ ।।

સદા એક જ ગાન, વિચાર અને કર્મ. દિનચર્યામાં ગૃહ કામ, ગૃહ સેવા, ગૃહ વ્યવસ્થા, ગૃહ વ્યવહાર, ગૃહ સુશોભનતા, ભોજન સામગ્રી આદિ પકાવી સહુ સાથે આનંદ વિનોદ. કુટુંબની માનસિક, શારીરિક અને આધ્યાત્મિક કાળજી એટલે શાંતબા.

પતિ પરમેશ્વર, પુત્ર શ્રીરામ, પુત્રવધૂ સખી, પૌત્રી શ્રીગોપી. સ્વગૃહ એટલે વ્રજ. રસ આનંદ, ભોગ આનંદ, શૃંગાર આનંદ, સેવા આનંદ, મનોરથ આનંદ. આનંદ, આનંદ અને આનંદ.

એક સાંજે ફોનની રીંગ રણકી – શાંતાબેન!

હા!

આપ તરત ટાટા હોસ્પિટલ આવો, આપના પુત્રને તબિયત નાદુરસ્તી કારણે હોસ્પિટલમાં એડ્મિટ કર્યા છે, તો આપ સત્વરે આવી જાવ. પુત્રનાં સમાચાર સાંભળી તુરંત પતિ, પુત્રવધૂ સાથે વાત કરી, તો સર્વે ત્યાં પહોંચવા નીકળ્યા જ હતા. સહુ સાથે પહોંચ્યા એટલે સૌને કિરણનો યોગ્ય રિપોર્ટ મળી ગયો – આંતરડામાં સોજો છે એટલે તપાસ ચાલુ છે. બે દિવસ આરામ કરીને કિરણને ઘરે લાવ્યા, પણ સહુને બેચેની લાગે કે કઇંક અજુગતું રિજલ્ટ ના આવે. **પણ કોને ખબર કે સવારે શું થવાનું છે તે તો જાનકીનાથ જ જાણે! રિપોર્ટ – આંતરડાનાં કેન્સરનો આવ્યો,** સર્વે હેબતાઈ ગયા. દીપાલી ભાગી પડી, કાંતિભાઈ હતાશ થઈ ગયા, પણ શાંતાબાએ હિમ્મત કરી પુત્રની સેવા કરવા લાગ્યા – ગૃહ સેવામાં તેમને એવી વ્યવસ્થા કરી કે જે પણ ઋતુ પ્રમાણે જુદી જુદી ભોજન સામગ્રી રાંધે ત્યારે " **જય શ્રી કૃષ્ણ** " " **જય શ્રી કૃષ્ણ** " નાં સ્મરણ સાથે કિરણને ઉપયોગી અને ઉપભોગ તૈયાર કરી શ્રીઠાકોરજીને ધરાવેલ પ્રસાદી આપે અને શ્રીયમુનાજી ઝારીનું પાન કરાવે – દર અઠવાડીયાનાં રિપોર્ટમાં સુધારો દેખાય. ત્રણ અઠવાડીયા બાદ કિરણનો કલ્ચર રિપોર્ટ આવ્યો, ડોક્ટરે આખા કુટુંબને હોસ્પિટલ બોલાવ્યા, એક એક સભ્યનાં નયન, મન અને સ્મરણમાં

" **શ્રી કૃષ્ણ: શરણં મમ** " " **શ્રી કૃષ્ણ: શરણં મમ** "

Vibrant Pushti

" **શ્રી કૃષ્ણ: શરણં મમ** " અને " **શ્રી કૃષ્ણ: શરણં મમ** " નું રટણ ચાલે. સહુનાં ચહેરા ઉપર વિષાદ સાથે વિશ્વાસની આભા નિહારતી હતી. ત્યાં જ ડોક્ટર રિપોર્ટ લઈને આવ્યા, તેમનાં ચહેરા પર આનંદની સુરખી લહેરાતી હતી, આવતા જ સહુએ તેઓને " **જય શ્રી કૃષ્ણ** " પાઠવ્યા, ડોક્ટરે પણ સામે વિશ્વાસપૂર્વક " **જય શ્રી કૃષ્ણ** " કહી પ્રતિસાદ આપ્યો.

ડોકટર બોલ્યા – હું જે માહિતી વિશે આપને પૂછું તેનો સચોટ અને પ્રમાણિત ઉત્તર મને આપશો.

સહુ એક સાથે બોલી ઉઠયા – ચોક્કસ

તમારો આ પુત્ર પાન પડીકી ખાય છે? ના

તમારો આ પુત્ર દારૂ કે મદ્ય પાનનું સેવન કરે છે? ના

તમારો આ પુત્ર ફાસ્ટ ફૂડ અને કોલ્ડ ડ્રિંક્સ ખાય પીએ છે? ના

તમારો આ પુત્ર નોન-વેજ એટલે માંસ મચ્છી ખાય છે? ના

તમારી ઘરે જે પણ ખાદ્ય ખોરાક ફળ, શાકભાજી કે અનાજ કરિયાણા, મસાલા કેવી ગુણવત્તા વાળા ખરીદો છો?

તરત દીપાલી બોલી - અમે સ્ટાન્ડર્ડ ક્વાલિટીનાં ખાદ્ય ખોરાક ફળ, શાકભાજી કે અનાજ કરિયાણા, મસાલા આરોગીએ છીએ અને હું આ એક ફાર્મા કંપનીમાં ક્વાલિટી એક્ઝિક્યુટિવ છું એટલે અમારી સર્વે સામગ્રી યોગ્ય ગુણવત્તા ભરેલી જ છે.

આ સામગ્રીને રાંધે કે પકાવે કોણ છે?

તરત શાંતાબા બોલ્યા – હું. આ સર્વે સામગ્રીને યોગ્ય પ્રકારે સાફસફાઈ અને ચોક્કસ પદ્ધતિ જ રાંધવામાં આવે છે.

ડોક્ટર બોલ્યા – મને એ જાણવું છે કે કિરણનો રિપોર્ટ આવો કેમ? તમે લોકો કઇંક છુપાવતા નથી ને, કારણકે આવો રિપોર્ટ આવવો જે મારા જીવનની આ પ્રથમ ઘટના છે.

સહુ વિચારવા લાગ્યા – એક એક સભ્યએ હકીકત જણાવી છે, બીજુ શું હશે?

થોડીક મિનિટો બાદ શાંતાબા બોલ્યા – હું જ પાપીણી છું, કે મેં મારા પુત્રને એક વિશ્વાસ અને શ્રદ્ધા મુજબ તેને મારી ગૃહ સેવાનું ભોજન અને જળ પીવડાવતી હતી, શ્રીઠાકોરજીને સામગ્રી આરોગાવ્યા બાદ તેને પ્રસાદ આપતી હતી, મને શું ખબર તે ઠંડી પડેલી અને વધુ સમય રાખવાથી બગડી જાય. સાહેબ! મને માફ કરો, હે કુટુંબનાં સભ્યો! હું મારી લાગણીમાં આ બધુ કરતી હતી, મને શું ખબર કે બેટાને આવું થઈ જશે! હે ભગવાન! મારા બેટાને સારો કરી દો અને મને લઈ લો!

Vibrant Pushti

સાહેબ! જે જે સામગ્રી રાંધતી હતી ત્યારે શુદ્ધતાની, પવિત્રતાની, ગુણવત્તાની ખૂબ કાળજી રાખતી હતી, નથી મને કોઈ બીમારી કે નથી મને શરદી કે ઉધરસ જે મારા જંતુઓનો ચેપ બેટાને લાગે.

આશરો એક દ્રઢ શ્રીવલ્લભાધીશકો, માનસી રીતકી મુખ્ય સેવા વ્યસન લોકવૈદિક શરણ ગોપીકો

દીનતા ભાવ ગુનગાન ઉદબોધસું ધોખ ત્રિય ભાવના ઉભય જાને

શ્રીકૃષ્ણ નામ સ્ફૂરે પલ ન આજ્ઞા ટળે, કૃતિ વચન મન વિશ્વાસ મન ચિત્ત આણે

ભગવદીય જાન સત્સંગકો અનુસરે, ના દેખે દોષ અરુ સત્ય ભાંખે

પુષ્ટિ પથ મર્મ દસ ધર્મ યહ વિધ કહે, સદા ચિત્તમેં શ્રીનાથજી રાખે

દીપાલી બોલી – સાહેબ! જ્યારથી હું પરણીને આવી છું, અમે કદી હોટલ, લારી ગલ્લાકે ઠેલા પર જમ્યા નથી, કોઈ પ્રસંગમાં પણ અમે સાત્વિક આહાર જ હોય તો લઈએ નહીં તો ઘરે જ ભોજન કરીએ છીએ. **આ મારાં સાસુ છે પણ મારી માં છે, તેને અમને કદી એવા સંસ્કાર આપ્યા જ નથી કે અમે બહારનું ભોજન કરીએ, તેમની રાંધેલી એક એક વાનગી બજાર કરતાં ઉત્તમ ગુણવત્તા વાળી અને શુદ્ધ હોય છે. તેમને મને જે શિક્ષણ આપ્યું છે** – ધન્ય છે! દીપાલી શાંતાબાને વળગી પડી અને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગી. સહુનાં આંખોમાં આંસુ.

ત્યાં ડોક્ટર તાળીઓ પાડતા અને હંસતા હંસતા બોલ્યા – આજે મને રહસ્ય સમજાયું કે આવા કુટુંબમાં રોગ કે બીમારી કેમ નથી આવતી? અને આવે તો કેમ તે નષ્ટ પામે છે?

તુરંત ડોક્ટરે પોતાનાં સેક્રેટરીને બોલાવીને સૂચના આપી – હોસ્પિટલનાં સર્વે ડોકટરો અને સ્ટાફને કોન્ફરેંસ હોલમાં ભેગા કરો. ઇમરજન્સી મીટિંગ છે. કુટુંબને ડાઈસ પર બેસાડીને બોલ્યા – મિત્રો! આ કુટુંબનું આપણે સમ્માન કરવાનું છે. સહુ આશ્ચર્ય અને અચરજ પામ્યા.

ડોક્ટર બોલ્યા – શાંતાબા! તમને પ્રણામ કરું છું, અને હે બેટા! દીપાલી તને ધન્યવાદ છે કે તું એક પુત્રવધૂ થઈને આ કુટુંબમાં દીકરી બની ને ફરજ નિભાવે છે. તમારી આ સેવાને લીધે આજે એક એવું રિસર્ચ અમારી સામે આવ્યું છે કે પુષ્ટિમાર્ગની ગૃહસેવા સૈદ્ધાંતિક પદ્ધતિ રોગ પ્રતિરોધક, રોગ નિવારણી અને ઉત્તમ તંદુરસ્ત જીવન રચનારી અદભુત પદ્ધતિ છે. હું ગર્વથી કહું છું કે – જો દરેક વ્યક્તિ આ કુટુંબ જેવી જીવન શૈલી અપનાવે તો તે જીવતા જીવતા ગોકુળમાં જીવે છે, અને તેમની ત્યાં શ્રીબાલકૃષ્ણ આનંદ કરે છે.

મારા હાથમાં આ રિપોર્ટ છે તે તેનું પ્રમાણ છે. આજથી એક મહિના પહેલા પેશન્ટ કિરણનો કેન્સરનો રિપોર્ટ તેનાં જીવનની અંતિમ ક્ષણો નજીકનો હતો, પણ **આ માતા શાંતાબા અને આ પુત્રવધૂ દીપાલીની ઉત્તમ સુઝબુઝે તેને ઉગારી લીધો છે.** તેઓ સદા મૃદુ સ્મિતે સૌને કહે છે

Vibrant Pushti

" જય શ્રી કૃષ્ણ " તેઓનું કહેવું છે " જય શ્રી કૃષ્ણ " એટલે હું આપનામાં મારા શ્રીઠાકોરજીનાં દર્શન કરું છું.

સહુ એક સાથે **" જય શ્રી કૃષ્ણ "** બોલી ઉઠયા.

- **કિરણ**

હલ્લો એપ્ટ કિરણ! તારે નેક્સ્ટ વીક જાપાન જવાનું છે, ત્યાં જે રોબોટિક સિસ્ટમ્સ બનાવવા આપી છે તેનું ઇન્સ્પેક્શન કરવા. કંપનીનાં ડાઇરેક્ટરે કહ્યું

કિરણ – યસ સિર! હું ચોક્કસ જઈશ.

આ ફાઇલ બરાબર ચેક કરીલે, ત્યાં શું જાણવાનું છે અને તું કયા મુદ્દા પર ચર્ચા કરીશ તે લઈને મને મળી જા.

કિરણ – હાં સર! રિફર કરીને આવ્યો

ઘરનાં સર્વેને " **જય શ્રી કૃષ્ણ** " કહી કિરણ સર્વે ડોક્યુમેંટ્સ અને વિગતો લઈ જાપાન જવા ઉપડયો, ફ્લાઇટ જાપાન પહોંચી અને કિરણનું લગેજ ના મળે, તે એરપોર્ટ ઓથોરિટી પાસે ગયો પણ ના મળ્યું. તેને ઈન્ડિયાની કંપની અને જાપાનની કંપનીને જાણ કરી ને કહ્યું – આ ઘટના બની છે. કિરણ જાપાનની ધરતીને " **જય શ્રી કૃષ્ણ** " કરી આવેલ ડ્રાઇવર સાથે તે હોટલ પહોંચ્યો. ફ્રેશ થઈ તે ડ્રાઇવરને લઈ બજારમાંથી એક્સિક્યુટિવ ડ્રેસ ખરીદી તે સમયસર જેઓને મળવાનું હતું તે કંપની પર પહોંચ્યો. સારી આગતા સ્વાગતા બાદ તેઓ રોબોટિક સિસ્ટમ જોવા ગયા, સિસ્ટમ તૈયાર હતી – તેનું પર્ફોમન્સ જોઈ તે ખુશ થઈ ગયો. પ્રોડક્શન હેડે બપોરે લંચ પછી ઇન્સ્પેક્શનનું નક્કી કર્યું. કિરણ એક એક એપ્લિકેશન એસમ્બ્લી જોઈ, એક એક ઓટોમેશન પાર્ટસ જોયા, તેનું મેન્યુયલ જોયું. આ સર્વે ડોક્યુમેંટ્સ અને સિસ્ટમ પર્ફોમન્સથી તે ખૂબ ખુશ થઈ ગયો. મનમાં " **જય શ્રી કૃષ્ણ** " કહી, તેને પ્રોડક્શન હેડને રિકવેસ્ટ કરી કે તેને ડિઝાઇનનાં અમુક ડ્રોઇંગ્સ આપે. સર્વે માહિતી લઈને તે હોટલ આવ્યો. ખૂબ જ ફ્નેહથી ડોક્યુમેંટ્સનો અભ્યાસ કરી, " **જય શ્રી કૃષ્ણ** " લખી અમુક પોઈન્ટ લખ્યા અને બીજા દિવસની તૈયારી કરી. ખૂબ જ નિપણુતાથી રોબોટિક સિસ્ટમનો અભ્યાસ કરી કિરણ સિસ્ટમ નક્કી કરીને ભારત પાછો ફરે છે.

ભારતની ધરતી પર પગ મુક્તા જ " **જય શ્રી કૃષ્ણ** " બોલી પ્રણામ કરી, તે કંપની પર પહોંચે છે. ડાઇરેક્ટર તેને ગુમ થયેલ બેગ આપે છે. હે કિરણ! આ બેગ ઉપર કંપનીનું સરનામું હતું એટલે તે આપી ગયા. કિરણ – " **જય શ્રી કૃષ્ણ** " કહી, ખુશ થઈ ગયો. સાહેબને રિપોર્ટસ આપી સિસ્ટમની વાટાઘાટો કરી. " **જય શ્રી કૃષ્ણ** " કહી તે તેની ઘરે માતપિતાને " **જય શ્રી કૃષ્ણ** " કહી પ્રણામ કરી, પત્ની દીપાલી અને બેટી કૃષ્ણાને " **જય શ્રી કૃષ્ણ** " કહી વ્હાલ કરે છે. તે ખૂબ જ ખુશ હતો.

નિત્યક્રમ મુજબ સવારે સહુ પોતપોતાની રીતે " **જય શ્રી કૃષ્ણ** " એક બીજાને કહી કામ પર નીકળે છે. જેવો કિરણ તેની કંપની પર પહુંચે છે, આખી કંપનીનાં કર્મચારીઓ મુખ્ય ગેટ ઉપર

Vibrant Pushti

ઊભા રહીને કિરણને આવકારે છે અને તેનું ભવ્ય સ્વાગત કરે છે. કિરણ આવું અચાનક વાતાવરણ જોઈ અચંભિત થઈ જાય છે, ત્યાં જ ડાઇરેક્ટર આવીને કિરણ ને અભિનંદન આપીને કહે છે

આવો અમારા ટેક્નિકલ પ્રોડક્શન સીઇઓ! કોન્ફરેંસ રૂમમાં તમામ હેડ્સ કિરણનું સ્વાગત કરે છે. કંપનીનાં મુખ્ય સીઇઓ ઊભા થઈને કિરણને કંપનીની સીઇઓ પિન પહેરાવે છે અને કહે છે, જાપાનની કંપનીનાં ઓનર આપણી કંપનીને ભારતની રોબોટિક સિસ્ટમ માટે ધંધાકીય જોડાણ કરે છે અને તેનો યશ આપણાં નવા ટેક્નિકલ પ્રોડક્શન સીઇઓ – મિસ્ટર કિરણને ફાળે છે, કંપની આ સફળતા માટે ગર્વ અનુભવે છે. કિરણ ઊભો થાય છે, સૌને " **જય શ્રી કૃષ્ણ** " કહે છે.

મિત્રો! આ સફળતા મને કંપનીની શિસ્ત, પ્રમાણિક્તા અને અભૂતપૂર્વની નિખાલસતા છે. જાપાનનાં સર્વે નાગરિકો આ જ જીવન નીતિથી જીવે છે એટલે જ્યારે હું ત્યાં પહોંચ્યો, મને જે માહિતી અને સૈદ્ધાંતિક સમજ આપી ત્યારે હું તેઓથી ખૂબ પ્રભાવિત થયેલો, જ્યારે મેં મારી સર્વે રજુઆત જે પદ્ધતિથી કરી ત્યારે તેઓ આપણી કંપનીની તૈયારી, મેનેજમેંટ સિસ્ટમ અને ઇન્સ્પેક્શન ડોક્યુમેંટ્સથી ખૂબ પ્રભાવિત થયેલા. આપ સહુને હું નમન કરું છું " **જય શ્રી કૃષ્ણ** ".

" **જય શ્રી કૃષ્ણ** " થી જે આમૂલ પરિવર્તન આવે છે તેની અનુભૂતિ પામવી આપનો સાર્વભૌમત્વ અધિકાર છે. આ આધ્યાત્મ છે, આ આત્મીય છે આ બ્રહ્મ ઉર્જા છે. આ કોઈ જ્ઞાતિ, જાતિ માટે બાધ્ય નથી, સનાતન સત્ય સ્વીકાર્ય છે, અભિભૂત છે. અમને ચોક્કસ વિશ્વાસ છે કે

" **જય શ્રી કૃષ્ણ** "

કષ્ટ, દોષ અને દુ:ખ નિવારક છે, કરુણા ઉદબોધક છે, નિષ્ઠા ઉજાગર છે, વાત્સલ્ય સ્પંદનીય છે, કર્મ સફલાત્મક છે. આત્મીય સેતુ છે.

सेवा सत्संग स्पर्श धारा

प्रकाशक: Vibrant Pushti - Vadodara

Vibrant Pushti
૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા – ૩૯૦૦૦૬

Email: vibrantpushti@gmail.com - Mobile - 9327297507

Vibrant Pushti